Since 1925...


# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૨૨ • તા. ૨૮ મે ૨૦૧૮ થી ૩ જૂન ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20



## અંતરના હાર્દિક અભિનંદન





### કુ. અદિતિ ભૈરવ ખોના
II PUC (Commerce)
હાલ દાવણગીરી (મોટી ખાવડી)

અમારી લાડલી ચિ. અદિતિ ને બારમીની પરિક્ષામાં ૯૨% માર્કસ પ્રાપ્ત કરી ઉર્તીણ થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.
શૈક્ષણિક ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવી વધુને વધુ ઉચ્ચ લક્ષ સિધ્ધ કરે એવા અમારા અંતરના આશીર્વાદ.

-: શુભેચ્છક :-

દાદા-દાદી : શ્રીમતિ હેમલતાબેન ગુલાબચંદ ખોના (દાવણગીરી)
મમ્મી-પપ્પા : અ. સૌ. બિંદુ ભૈરવ ખોના (દાવણગીરી)
મોટા મમ્મી-પપ્પા : અ. સૌ. નયના રાજેશ ખોના (હુબલી)
મોટા મમ્મી-પપ્પા : અ. સૌ. નેહા ડેની ખોના (દાવણગીરી)
ભાઈ બહેન : કરણ, વિક્કી, કુનાલ, દિશા, પ્રણવ

Sangam Dress Land
(M) : 98440 51111

## લગન સંબંધી

### ડો. ડિમ્પલ ભરત ધરમસી
કચ્છ ગામ સુથરી, હાલ : વડોદરા



જન્મ તા. : ૨૫/૦૮/૧૯૮૪ (મંગળ છે)
જન્મ સ્થળ : ઘાટકોપર, મુંબઇ
હાઈટ : ૫ ફૂટ ૭ ઈંચ (૧૬૮ સે.મી.)
વજન : ૫૫
વાન : ગોરો
અભ્યાસ : M.Com(First Class)
Ph.D (Doctrate in Finance)
વ્યવસાય : Lecturer in The M.S.University of Vadodara (Faculty of Commerce)
પિતા : CA. ભરત તારાચંદ ધરમસી
માતા : દેવી ભરત ધરમસી
મોસાળ : સ્વ. શા. માણેકજી નેણશી પાલાણી
કચ્છ કોઠારા. હાલ - ઘાટકોપર, મુંબઈ
Contact No. : 9824019661 (Bharatbhai)
9924154600 (Deviben)
Mail Id : ca_btdharamsi@yahoo.com
devi5257@yahoo.com

Congratulation



### ચિ. બિજલ
### જીતેંદ્ર શિવજી રતાણી
(ચાલીસગામ-મુંબઈ)
DOB : 26/10/1991

## હાર્દિક અભિનંદન

ચિ. બિજલ ને લગાતાર બે વર્ષથી
Best Performance Award in
E-emphasys Systems Private Ltd.
Software Company મા
મળેલ તે બદલ હાર્દિક અભિનંદન.

* આશીર્વાદ *

શા. શિવજી શામજી રતાણી (લોડાયા) પરિવાર, ચાલીસગામ
શા. ગોવિંદજી શામજી રતાણી (લોડાયા) પરિવાર, તેરા
શ્રી. ગોસર પરિવાર, સેંધવા (નાનાણા)
પપ્પા-મમ્મી : સૌ. પ્રિતી જીતેંદ્ર રતાણી, ચાલીસગામ
અંકલ-આંટી : સૌ. દિપાલી ધનપતી રતાણી, ચાલીસગામ
બહેન : સૌ. પ્રેક્ષા પ્રિયંક દેવેંદ્ર ખોના, ચેંબુર

મોબાઈલ : 9823792220 / 94215 12470

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. 22/2018**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી.

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

**તંત્રી સમીપે**

## જ્ઞાતિ સંમેલન માટે જ્ઞાતિ મહાજનો સ્વયંમ્ પ્રવૃત થશે...?

આગામી ૨૩, ૨૪, ૨૫ ડીસેમ્બરમાં યોજનારા ચતુર્થ જ્ઞાતિ સંમેલનની પૂર્વતૈયારીના પ્રથમ ચરણ રૂપે સમસ્ત મહાજનના સત્તાવાર કાર્યાલયનો ગયા સપ્તાહે શુભારંભ થઈ ચૂક્યો છે અને તેના વર્તમાન ટ્રસ્ટીઓએ જુદી જુદી દસ સમિતિઓનો દોર સંભાળી લીધો છે.

યુવા સેક્રેટરી જનરલ નિશીથ આણંદીલાલ દંડ અને ટ્રસ્ટબોર્ડના માર્ગદર્શક ટ્રસ્ટી તરીકે રાજેન્દ્ર મણિલાલ ખોના, સમગ્ર જ્ઞાતિમાં સકારાત્મક વાતાવરણ ઊભરી ઊઠે તે માટે પ્રતિબધ્ધ બન્યા છે. આ પહેલાં જ યજમાન મહાજન નલીયાના પ્રમુખ મુલચંદ પદમસી મોતાએ તેમની સંમેલનના પ્રમુખ તરીકે થયેલી વરણીને યથાર્થ કરાવવા સક્ષમ આયોજકની ભૂમિકાનું ઉત્તરદાયિત્વ સંભાળી લીધું છે અને અન્ય ટ્રસ્ટીઓ પણ નિષ્ઠાપૂર્વક યોગદાન આપવા યથોચિત ખંત અને ઉલ્લાસથી પોત પોતાની ફરજો અદા કરવા કટિબધ્ધ બન્યા છે.

આ પહેલાના ત્રણ સંમેલનો પૈકી ખાસ કરીને છેલ્લા સંમેલન વખતે, સંમેલન પૂર્વે સંમેલન પ્રમુખ કે સેક્રેટરી જનરલ સમકક્ષના પદાધિકારી અને સહકાર્યકરો, જ્ઞાતિના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ ત્યાંના મહાજનોના પદાધિકારીઓ અને તે વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો સાથે સ્નેહ મિલનો યોજી તેમાં તેમને પ્રસ્તાવિત સંમેલનમાં ઉપસ્થિત થવા આમંત્રણ આપે એ પ્રકારની જાણે કે એક પ્રણાલી સ્થપાઈ છે.

સમસ્ત મહાજન, આપણી જ્ઞાતિના વિવિધ ૧૧૦ જેટલા મહાજનોનું સંકલન - પ્રતિનિધિત્વ કરતી મહત્વની કેન્દ્રીય કે કેન્દ્રવર્તી સંસ્થા છે. જો ઉપરોક્ત પ્રણાલી ચાલુ રાખવી હોય તો, કચ્છ - હાલારના વતનના ૩૮ જેટલા ગામોના પદાધિકારીઓ મહદ્અંશે મુંબઈમાં વસવાટ કરતા હોવાથી અને સ્થાનિક વતનમાં જ્ઞાતિજનોની નગણ્ય જેવી વસતી હોવાથી, તેમના સિવાયનાં બાકીના ૭૦ જેટલા સ્થાનિક વિસ્તારોમાં, સંમેલન પહેલાનાં છ એક મહીના દરમ્યાન, સેક્રેટરી જનરલ સહિત અન્ય બે-ત્રણ ટ્રસ્ટીઓએ જવું પડે તેવી સ્થિતિ બને.

એક રીતે જોઈએ તો આ પ્રણાલી અપનાવવાથી સંમેલન પૂર્વે લગભગ દરેકેદરેક જ્ઞાતિજન અને તેમાં પણ યુવાવર્ગ અને મહિલાવર્ગ સાથે સીધો સંપર્ક સેતુ રચાય અને તે રીતે જ્ઞાતિપ્રેમ, સંઘ ભાવના, નિકટતા અને અન્યોન્યના પ્રશ્નો-સમસ્યાઓ અંગેના વિચારોના આદાન-પ્રદાનનો ઉત્કૃષ્ટ પ્રવાહ સંચરિત થાય અને સંમેલનમાં ઠરાવો રજુ કરવાના પૂર્વાર્ધ તબક્કા માટે, આ સ્નેહમિલનમાં વ્યકત થવા માટે અભિપ્રાયો - મંતવ્યો ઘણા જ ઉપયોગી નીવડે.

પરંતુ, બીજી બાજુ જેમ છેલ્લા ઘણા સમયથી જ્ઞાતિજનોમાં પોતાને ત્યાંના શુભપ્રસંગો વખતે કેટલાક અપવાદો સિવાય, રૂબરૂ પ્રત્યક્ષમાં આમંત્રણ આપવાની પ્રણાલીને તિલાંજલિ અપાઈ છે અને આધુનિક સંદેશ વ્યવહારના સાધનો દ્વારા અપ્રત્યક્ષ મૌખિક આમંત્રણ આપવાની નવી પ્રથા શરૂ થઈ છે જેથી આમંત્રિતોને પણ અવિવેક કે માનભંગ થવાની સહેજ પણ લાગણી થતી નથી અને તેને પ્રત્યક્ષ આમંત્રણ તરીકે સ્વીકારીને તેઓ આ શુભપ્રસંગોમાં ઉપયુક્ત ઉલ્લાસ-ઉમંગથી સહભાગી બને




**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 10,000/- | - |
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| ૧ા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ–હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

છે, તેમ આ સંમેલન માટે પણ જ્ઞાતિના સર્વ મહાજનો અને જ્ઞાતિજનો પોતાને ત્યાં સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ કે અન્ય ટ્રસ્ટીઓ કે મહાસમિતિના સભ્યો તેમના વિસ્તારમાં રૂબરૂ ઉપસ્થિત રહીને સંમેલનમાં પધારવાનું આમંત્રણ આપે તેવો આગ્રહ ન રાખીને, સ્વતઃ જ ક્રમશઃ પોતાના સ્થાનિક વિસ્તાર, જિલ્લા અને રાજ્યના જ્ઞાતિજનોને સંમેલનમાં ઉપસ્થિત રહેવાનો અનુરોધ કરવા અને પોતાના સ્થાનિક અને સમસ્ત જ્ઞાતિને સ્પર્શતા પ્રશ્નો પર વિચારમંથન કરવા એકાધિક સ્નેહમિલનો યોજે અને શક્ય હોય તો સંમેલનમાં મૂકવાના ઠરાવોના મુસદા બનાવે તો આ સંમેલનમાં દરેકે દરેક જ્ઞાતિજનના સાચા અર્થમાં, યોગદાન આપવાના અને સહભાગી થવાના બહુ આયામી ઉદ્દેશો પણ હાંસલ કરી શકાશે અને સાથે સાથે સમસ્ત મહાજનના પદાધિકારી – ટ્રસ્ટીઓના સમય શક્તિના મહદઅંશે થતા વેડફાટને પણ બચાવી શકાશે.

આશા રાખીએ કે જ્ઞાતિના સર્વ મહાજનોના પદાધિકારીઓ અને જ્ઞાતિજનો પણ, સંમેલનમાં મહેમાન સ્વરૂપની વિશેષ માનપાન કે આગતા સ્વાગતાની અપેક્ષા રાખવાને બદલે, સામેથી જ સ્વતઃ એવા સાતત્યપૂર્વકના સંનિષ્ઠ પ્રયત્નો કરે કે જેથી સર્વ જ્ઞાતિજનો આ સંમેલનમાં સામિપ્યતાથી સમ્મિલીત થઈ શકે તે માટેના અર્થપૂર્ણ તખ્તાની નિર્મિતિ સાકાર બને.

– રા.

**કલર પેજ જાહેરાતો માટે સૂચના**

‘પ્રકાશ–સમીક્ષા’ના રંગીન પાનાં ચાર (૪)ના ગુણાંકમાં છપાતા હોવાથી પુણ્યતિથિ કે જન્મ–લગ્ન–જયંતિને લગતી જાહેરાતો અઠવાડીયા પહેલાં મોકલાશે તો તે બધી જાહેરાતોનો સમયસર સમાવેશ કરવામાં અમને આર્થિક કારણોસર મુશ્કેલ બને છે. આ પ્રકારની જાહેરાતો માટે ત્રણેક અઠવાડીયા પહેલાં અમને જાણ કરાશે તો જ સુગમતા રહેશે. તેવી જ રીતે શ્રધ્ધાંજલિ અને અભિનંદનની બધી જાહેરાતોને પણ તે જ અઠવાડીયાના આગામી અંકમાં પ્રગટ કરવાનું હંમેશા શક્ય બનતું નથી. તેમજ કલર કે અન્ય જાહેરાતો માટે કોઈ ચોક્કસ પાનાનો કે સેન્ટર પેજનો અથવા અગાઉથી બુકીંગ કરવા માટે આગ્રહ રાખવો નહીં. જે સપ્તાહે ચાર (૪)ના ગુણાંકની સંખ્યાના પાનાની કલર જાહેરાતો મળશે તેટલી સંખ્યાની જાહેરાતો જ પ્રગટ કરવાનું શક્ય બનશે, તેની નોંધ લેવા અને સહકાર આપવા વિનંતિ.

– વ્યવસ્થાપક

## વુમન એમ્પાવરમેન્ટ (મહિલા સશક્તિકરણ) ક્યારે? – પ્રવીણ લોડાયા (વડોદરા)

હમણા એક લગ્નમાં જવાનું થયું. ત્યાં અમારા સંબંધી કમ મિત્રએ બધાની સામે પોતાના પત્નીનું અપમાન કર્યું. ન કહેવા જેવા બોલ કહ્યા. ત્યારે મને લાગ્યું કે આપણા આ મિત્ર શું હજી પણ અઢારમી સદીમાં જીવી રહ્યા છે?

પોતાના ઘરે દિકરા-વહુઓ બધા જ છે છતાં પોતાની પત્નીને ટેકન ફોર ગ્રાંટેડ ગણી રહ્યા છે. ભણેલા ગણેલા દિકરા પણ કશું બોલી શકતા નથી. આવી સરમુખત્યારી! મારાથી રહેવાયું નહીં એટલે આ લેખ લખવા બેઠો.

મહિલા સશક્તિકરણની ખાલીખમ વાતોની વચ્ચે માત્ર એક સન્માનપૂર્વક નજર માટે સ્ત્રીઓ તરસે છે. કાયદો, સમાજ વગેરે જેને દોષ દેવો હોય તેને દો, બાકી આવી ઘટનાઓ પાછળ પુરુષના માનસમાં સ્ત્રીની છબી સૌથી વધુ ભાગ ભજવે છે. જ્યાં સુધી સ્ત્રીને વ્યક્તિ કરતાં વસ્તુ તરીકે જોવામાં આવશે ત્યાં સુધી સ્ત્રીનું આવું શોષણ નક્કી જ છે.

સમાજ તરીકે આપણે પણ ઓછા નથી. છોકરીઓના ભણતર પાછળ પૈસા ખર્ચવા મુઠ્ઠી ખોલતા અચકાતા લોકો. એ જ છોકરીના લગ્નમાં દલ્લા ખુલ્લા મૂકી દેતા હોય છે. એમને મન છોકરી કરતાં પોતાની સામાજિક પ્રતિષ્ઠા વધુ મહત્વની હશે ને?

પાછા કેટલાક વિરલાઓ કારણ પણ એવું આપે કે છોકરીઓને બહુ ભણાવીએ તો તેમના માટે છોકરા શોધવાની તકલીફ પડે!! ઘણા તો એવું ય માનતા હોય છે કે બહુ ભણેલી નહીં લાવવાની, માથે ચડી જાય! ભીતરમાં આવી માનસિકતા હોય એવા વાતાવરણમાં સ્ત્રીને સન્માનપૂર્વક જીવતા શીખવાડવું ખરેખર અઘરું છે.

હજારો વર્ષથી આપણે જોઈ રહ્યા છીએ કે સામાજિક અને આર્થિક બાબતોમાં પુરુષ વર્ગનો હાથ ઉપર રહ્યો હોવાથી ઓવર ઓલ સ્ત્રીવર્ગે ઝુકવું પડ્યું છે અને વેઠવું પડ્યું છે. બીજી તરફ મોટે ભાગે ઘરની ચાર દીવાલની અંદર અને ક્યારેક ચાર દીવાલની બહાર સ્ત્રીઓ પોતાનો અવાજ ઉઠાવવાની કોશિશ કરતી રહી છે.

એક વિચાર એવો આવી શકે કે તર્કના કોરા ગણિત મુજબ સ્ત્રીજાતિ મળીને પુરુષજાતિ સામે રસ્તા પર ઉતરીને મોટા પાયે જંગ છેડે એ સ્વાભાવિક છે, પરંતુ વાસ્તવમાં આવું કશું થતું નથી. વાસ્તવમાં તર્કનું કોરું ગણિત કામ નથી કરતું. આપણે જોઈએ છીએ કે ઘરમાં, ઑફિસમાં, રસ્તાઓ પર, દેશ આખામાં સામસામે બાખડ્યા વિના શાંતિથી સહિયારુ જીવન જીવી રહ્યા છે. આવું કેમ?

વીસમી સદીમાં પાછલા દાયકા દરમિયાન ફેમિનિઝમે – નારીવાદી ચળવળે પશ્ચિમમાં ઠીક ઠીક જોર પકડેલું અને એવી શક્યતા ઉભરેલી ખરી કે હવે જગતમાં નર-નારી આમને-સામને આવી જશે પરંતુ એવું કશું થયું નહીં અને પુરુષદ્વેશી નારીવાદ બહુ ઝડપથી પોતાની ધાર ગુમાવી બેઠો.

પુરુષ સામેના ગજગ્રાહમાં સ્ત્રીઓ એક હદ થી વધુ આક્રમક નથી બનતી. પુરુષોના આધિપત્ય સામે સ્ત્રીઓ એકજૂટ થઈને લડતી નથી. લડવાની વાત દૂર રહી, પુરુષવાદી માનસિકતા પોષવામાં પણ સ્ત્રી જાણ્યે - અજાણ્યે પોતાનો ફાળો નોંધાવતી રહે છે. પરિવારની વહુનાં પેટે દીકરીને બદલે દીકરો જન્મવો જોઈએ એવી અપેક્ષા રાખવામાં પતિ એકલો નથી હોતો. જૂનવાણી સાસુઓ પણ પૌત્રીને બદલે પૌત્ર જન્મે એ માટે તડપતી હોય છે, માનતાઓ રાખતી હોય છે.

બીજી તરફ, ભણેલી, શહેરી, સ્માર્ટ આધુનિકાઓ ‘જીવનમાં આગળ આવવું છે? તો નારીવાદી બનવાં કરતાં પુરૂષવાદી બનવામાં વધુ લાભ છે’ એવું ગણિત માંડીને જાહેર જીવનમાં, સોશિયલ મીડિયા પર, ઑફિસોમાં સ્ત્રીના ભોગે પુરુષની પડખે રહીને, પુરુષોના વખાણ કરીને કારકિર્દીમાં ઝડપી આગેકૂચની મહત્વાકાંક્ષા સંતોષતી જોવા મળતી હોય છે.

સરવાળે, પુરુષો દ્વારા સ્ત્રીઓનું શારીરિક, આર્થિક, માનસિક, સામાજિક શોષણ થતું હોવાનું સ્પષ્ટ જણાતું હોવા છતાં સ્ત્રીઓ પુરુષની સામે થવાને બદલે પુરુષની પડખે રહેવાનું વધુ પસંદ કરતી હોય છે.

સ્ત્રી જો ફક્ત પોતાની સ્ત્રી તરીકેની ઓળખનું વિચારે તો તેને અવશ્ય એવો વિચાર આવે કે પુરુષોના જુલમો સામે લડવું જ રહ્યું. પરંતુ સ્ત્રી પોતાને ફક્ત સ્ત્રી તરીકે જ નથી જોતી. એ સ્ત્રી હોવા ઉપરાંત માતા-પત્ની-બહેન-દીકરી પણ છે.

આવી અનેક ઓળખોના હિતો આપસમાં ટકરાવાને લીધે સ્ત્રીનો અવાજ મોળો પડી જાય છે. સ્ત્રી ફક્ત પોતાની એક જ ઓળખ સ્ત્રી તરીકેની આગળ ધરીને પુરૂષો સામે અવાજ ઉઠાવે તો એ અવાજ એટલો મોટો હોઈ શકે કે આખા દેશનો પુરૂષવર્ગ ધ્રૂજી ઊઠે. પણ ઓખળોના આપસી ટકરાવમાં પીંખાતી સ્ત્રી છેવટે ‘છોડ માથાકૂટ’ મોડમાં આવીને અતિ આકરા વિરોધ સુધી પહોંચતી નથી.

મામલો મંથનનો છે, મથામણનો છે, ખુલ્લા મગજથી વાસ્તવિકતાને સમજવા મથવું એ પ્રત્યેક જાગૃત પુરૂષની ફરજ છે.

જે જૈન ધર્મના પાયા અહિંસાથી ટકેલા છે. એ ધર્મના શ્રાવકો જો આવી હિંસા આચરતા હોય તો જૈન ધર્મના પાયા જ હચમચી જાય અને ધર્મ પત્તાના મહેલની જેમ કકડભૂસ થઈને પડીને જાય, કારણ કે કોઈનું દિલ દુખાવવું એ પણ સૂક્ષ્મ હિંસા છે એ ભગવાનનો ઉપદેશ છે.

***

## શિલ્પાબેન અજાણીની એક અનન્ય સિધ્ધિ





આપણને હંમેશા આત્મવિશ્વાસથી ભરપૂર વ્યક્તિને મળતા સુખદ અનુભવ થતો હોય છે. શ્રીમતી શિલ્પાબેન અજાણી (ઈન્દિરાબેન તથા જયંતભાઈ વિકમશીના સુપુત્રી) એવી જ આત્મવિશ્વાસુ વ્યક્તિ છે જેમણે પોતાના જીવનમાં અનેક સિધ્ધિઓ પ્રાપ્ત કરીને કે.ડી.ઓ. જ્ઞાતિને ગૌરવ અપાવ્યું છે.

તાજેતરમાં શિલ્પાબેને મુંબઈથી ગોવા સુધી યોજાયેલ ટાઈમ્સ વુમન્સ ડ્રાઈવ કાર રેલીમાં ઈનર વ્હીલ ક્લબ–મુંબઈ સી કોસ્ટની ટીમ લીડર તરીકે ભાગ લીધો હતો અને તેમની ટીમ બેસ્ટ ડ્રેસેડ ટીમ જાહેર થઈ હતી. આ કાર ડ્રાઈવ ટાટા મેમોરીયલ કેન્સર રીસર્ચ સેન્ટરના ઉપક્રમે મહિલાઓના સ્તન તથા ગર્ભાશયના કેન્સર માટે ફંડ એકત્રિત કરવા આયોજીત કરવામાં આવી હતી. શિલ્પાબેને મહિલાઓ સાથે તથા ગુના અંગેની થીમ ઉપર તેમની ટીમને ડ્રેસીસ તૈયાર કર્યા હતા. આ કાર રેલીના કોઈપણ કાર રેસીંગ ઈવેન્ટમા સૌથી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો તે માટે લીમકા બુક ઑફ રેકૉર્ડસ્ તથા ગીનીઝ બુક ઑફ રેકૉર્ડસ્ માં નોંધ લેવાઈ છે.

શિલ્પોબેનમાં નાનપણથી જ નેતૃત્વના ગુણો વિકસિત થયા છે. તેઓ એક પ્રભાવશાળી વક્તા પણ છે તે ઉપરાંત લેખન જેવી અનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. શાળા જીવનથી, ધો. ૫ માં હતા ત્યારથી જ મંચ પરથી બોલવાનો મહાવરો ધરાવે છે.

શિલ્પાબેન રત્નશાસ્ત્રી (જેમોલોજીસ્ટ), જ્વેલરી ડીઝાઈનર તથા જ્વેલર્સ છે. તેઓ કૉમર્સ ગ્રેજ્યુએટ છે તથા જેમોલોજીસ્ટ ડીપ્લોમા ધરાવે છે. ઈ. સ. ૧૯૯૫ માં તેમને પ્રતિષ્ઠિત ઈન્ટરનેશનલ જ્વેલરી ડીઝાઈનર એવૉર્ડ પ્રાપ્ત થયો છે. ઈ. સ. ૧૯૯૬ માં કચ્છ શક્તિ નારી રત્ન એવૉર્ડ તથા ૨૦૦૯ માં વ્યવસાયિક યોગ્યતા માટે 'પરબ' તરફથી પણ એવૉર્ડ પ્રાપ્ત થયા છે.

હાલમાં તેઓ ઈનર વ્હીલ ક્લબ મુંબઈ સીકૉસ્ટના પ્રમુખપદે સેવા આપી રહ્યા છે. ઈનર વ્હીલ ક્લબ મેમ્બર તરીકે તેમને બેસ્ટ કુકીંગ, બેસ્ટ સોલો ડાન્સર, બેસ્ટ ટૅલેન્ટ જેવા અનેક એવૉર્ડ પ્રાપ્ત થયા છે. 'મુક્તિ કૃપા' મેગેજીનના એડીટર તરીકે પણ તેઓ કાર્યરત છે. શિલ્પાબેન શાસ્ત્રીય સંગીતની તાલીમ લઈ રહ્યા છે. તેઓ માને છેકે નવું શીખવા માટે ઉંમર બાધારૂપ નથી. ઈચ્છા શક્તિ હોય તો ઘણું બધું શીખી શકાય.

જ્ઞાતિના યુવાનો માટે તેમનો સંદેશ છે કે, તમારા શોખને–ધ્યેયને પીછાણો, એકાગ્રતાથી તથા ગંભીરતાથી પ્રયાસો કરો, સફળતા જરૂર મળશે.


પ્રકાશ સમીક્ષા તરફથી તેમને અભિનંદન તથા વધુ સફળતા માટે શિલ્પાબેનને શુભકામનાઓ...

– **CA હીરાચંદ દામજી દંડ, મંજલ રેલડીયા**
hirachanddand@gmail.com

www.bubblegumtours.co
Bubblegum-Tours-Travels
ભૌમિક મોતા

અત્યાધુનિક યુગના ''શ્રવણ''
ચેતન મોતા

Mina – 91679 94542
Mayuri – 91679 94543
Bhomick – 91679 94544

દુબઈ
૧૦ ઑગસ્ટ / ૧૫ ઑગસ્ટ
ONLY FOR KDO
૪૯,૫૦૦/–* + 5% GST P.P. + એરફેર
• ૪ સ્ટાર હોટલ રાવીઝમાં ૫ રાત્રી ૬ દિવસ • બધાજ ભોજન સામેલ
• દુબઈ મ્યુઝીયમ • વનવે મોનોરેલ • હાફડે દુબઈ સીટી ટુર • એમીરિટસ મૉલ • સ્નો પાર્ક
• લીમો રાઈડ • ડૉલ્ફીન શો • ડેઝર્ટ સફારી • ૧૨૪ માળ બુર્જ ખલીફા • દુબઈ મૉલ • ગોલ્ડ સુક
• ફાઉન્ટન શો • IMG વર્લ્ડ • આબુધાબી સીટી ટુર • વીઝા + ઓટીબી


## શ્રી શીખરજી તીર્થનો જિર્ણોદ્ધાર – શ્રી ક.દ.ઓ. જ્ઞાતિનું ગૌરવપ્રદ યોગદાન

ઉપરોક્ત વિષય વિષે પ્રકાશ સમીક્ષામાં ભાઈશ્રી લહેરચંદ વેલજી મૈશેરી ના લેખની ખૂટતી કડીઓ સમસ્ત પ્રસંગના સાક્ષી હોવાના નાતે રજુ કરું છું. શ્રી શીખરજી તીર્થના મુખ્ય જિનાલય ૧) જલ મંદીર, અને ૨) શ્રી પાર્શ્વનાથજીની ટૂંકના જિનાલય સહીત તમામ દેરીઓનો જિર્ણોધ્ધાર આશરે ૫૦ વર્ષ અગાઉ શ્રી શ્વેતાંબર તીર્થ જિર્ણોધ્ધાર કમિટી દ્વારા પૂર્ણ કરવામાં આવેલ. સામાન્ય રીતે તીર્થોના જિર્ણોધ્ધાર પૂ. આ. ભગવંતોની પ્રેરણા અને માર્ગદર્શનમાં થતા હોય છે. પરંતુ શ્રી શીખરજી તીર્થનો જિર્ણોદ્ધાર પૂ. સાધ્વીજી ભગવંતોની પ્રેરણા, માર્ગદર્શનમાં મુખ્યતઃ અજીમગંજ – કલકત્તા ના શ્રેષ્ઠીઓ દ્વારા હાથ ધરાએલ. આપણા જ્ઞાતિજન શ્રી ગોવિંદજી જેવત ખોના પણ જિર્ણોધ્ધાર કમિટી ના સભ્ય હતા. આપણા શ્રી અનંતનાથજી દેરાસર તરફથી જિર્ણોધ્ધારના ફાળામાં માતબર યોગદાનની અપેક્ષાએ કમિટીએ કલકત્તા નિવાસી આગેવાન જ્ઞાતિબંધુ શ્રી કુંવરજી માણેકજી ગોવિંદજી લોડાયા (જખૌ)ના સંપર્ક કર્યો. શ્રી કુંવરજીભાઈ એ આ પુણ્યાનુબંધી ઊમદા કાર્ય માટે મારા પૂ પીતાશ્રી દેવજી દામજી ખોનાનો સંપર્ક કર્યો. શ્રી જિર્ણોધ્ધાર કમિટીએ શ્રી દેવજીભાઈને શ્રી અનંતનાથજી દેરાસરની સહાયતા માટેની કાર્યવાહી હાથ ધરવા અને તે માટે પોતાના સંપૂર્ણ સહકારની જાણ કરી.

શ્રી દેવજીભાઈએ તે વખતના શ્રી અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટીઓને (શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી, શ્રી જવેરચંદ પદમશી લોડાયા, શ્રી ગોવિંદજી જેવત ખોના, શ્રી ચીમનલાલ કાનજી મોમાયા, શ્રી વેલજી દેસર મોતા) યોગદાનની આપણા લખાણની તક્તી આપણી પસંદગીના સ્થળે મુકવાની શરતે રૂા. ૧,૨૫,૦૦૦/- (રૂા. સવા લાખ)ની માતબર રકમ દેવદ્રવ્ય ખાતામાંથી ફાળવવા સંમત કર્યા. ટ્રસ્ટીઓએ સર્વ સંમતિથી રકમ મંજુર કરી મહાજનશ્રીને મંજુરી માટે અરજી મોકલી. શ્રી દેવજીભાઈએ જિર્ણોધ્ધાર કમિટિને પણ રૂા. ૧,૨૫,૦૦૦/- ના યોગદાનને આપણી શરતોના સ્વીકારથી સંમત કર્યા અને કમિટીનો સંમતિપત્ર મહાજનશ્રીમાં રજુ કર્યો. મહાજનશ્રીએ રૂા. ૧,૨૫,૦૦૦/-નું યોગદાન અને શ્રી દેવજીભાઈએ તૈયાર કરેલ તક્તી માટેનું લખાણ સર્વ સંમતિથી મંજુર કર્યા. અને તક્તી શ્રી પાર્શ્વનાથની ટૂંકના મંદિરના પ્રવેશદ્વારની બહારની બાજુએ લગાડવાનું સુચવ્યું. કમિટીએ મજબુર તકની હાલ જયાં છે ત્યાં ભીંતમાં જડાવી.

**તક્તીનું લખાણ**

શ્રી વિધિપક્ષ અચલગચ્છ શણગાર જંગમ યુગ પ્રધાન પૂજ્ય દાદાશ્રી કલ્યાણસાગરસૂરી (સં. ૧૬૩૩-૧૭૧૮) સહ ગુરૂભ્યો નમઃ શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ શિરોમણી કચ્છ નલીઆ નિવાસી નાગડા ગોત્રીય શેઠ નરસી નાથા સ્થાપિત શ્રી અનંતનાથજી દેરાસરજી (સં.૧૮૮૯) ખારેકબજાર નરસીનાથા સ્ટ્રીટ, મુંબઈ ટ્રસ્ટ તરફથી આ જિનાલયના જિર્ણોધ્ધારમાં રૂા. ૧,૨૫,૦૦૦/- (એક લાખ પચીસ હજાર) ભેટ આપવામાં આવ્યા છે. વીર સં. ૨૪૮૫ વિક્રમ સં. ૨૦૧૫.

શ્રી શીખરજીની યાત્રા કરી દરેક જ્ઞાતિજન ધન્ય બને છે અને પહાડની ટોચ પર તક્તી વાંચી ગૌરવ પૂર્વક રોમાંચ અનુભવે છે. શ્રી શીખરજી તીર્થના જીર્ણોધ્ધારના યોગદાનથી જ્ઞાતિના ગૌરવપ્રદ ઈતિહાસમાં એક ઓર સુવર્ણ પૃષ્ઠ ઉમેરાયું.

– **મહેન્દ્ર દેવજી ખોના**, (જખૌ-થાણા)

**પ્રકાશ સમીક્ષાનો બેન્ક એકાઉન્ટ નંબર બદલાયો છે.**

પ્રકાશ સમીક્ષાના અરિહંત બેંકમાં ખાતા નંબર અને બ્રાંચનું સ્થળ બદલાયાં છે જેની કૃપયા નોંધ લેશોજી.

For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 004003000002 |
| Name of the Bank | : Shri Arihant Co-op Bank Ltd. |
| Branch | : Chinch Bunder, Mumbai - 400 009. |
| IFSC Code | : ICIC00ARIHT (after ICIC it is zero zero) |
| MICR Code | : 400800005 |
| Name of the Account | : Shri C D O Prakash Samiksha Samiti |


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676

**સોનલ આર્ટ**

પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે. તેમજ ઓર્ડર થી બનાવી આપવામાં આવશે.

શાંતીભાઈ - 9967841792

'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા.

શ્રી શાંતિનાથાય નમો નમઃ
જય શ્રી વાછરાદાદાય નમો નમઃ

# સાંધવ ગામે વાછરા દાદાનો પ્રથમ ધ્વજા મહોત્સવ ઉજવાયો.

તા. ૧૪/૪/૨૦૧૮ વૈશાખ વદ-૧૩ ના સવારના વિધિ વિધાન તેમજ અભિષેક દ્વારા પૂજન ભણાવવામાં આવેલ. પૂજનનો લાભાર્થી પરિવાર **અ. સૌ. ભારતીબેન ભદ્રીચંદ ભવાનજી દંડ, ગામ છાદુરાવાળા**એ લાભ લીધેલ. સંગીતમય વિધિવિધાન થી દાદાની પ્રથમ ધજા ચડાવવામાં આવેલ. રૂા. ૧૦ની પ્રભાવના માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન તરફથી રાખવામાં આવેલ. મુંબઈ થી જયેશ જૈન, પ્રજ્ઞેશ જૈન, જયેશ લોડાયા, ચેતન પીર, વિપુલ પટેલ, રાજેશ દંડ, કીરણ દંડ, હેમંત મોતા, જીતુભાઈ ખોના, પ્રકાશ લોડાયા, નવિન લોડાયા, પ્રવિણ મોતા, મયુર નાગડા વગેરે ૭૦ જણની સંખ્યામાં મુંબઈ થી પધારેલ. તેમજ ગાંધીધામથી લહેરચંદ ખોના, જવેરચંદ ખોના, પરેશ પટેલ. ભુજથી પ્રબોધ મુનવર, તથા લાલા, પરજાઉ, નલિયા, કોઠારા, વરાડીયા, સાંયરા, મંજલ, દેઢીયા, તેરાથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. બપોરના પહેડી પ્રસાદનો લાભ **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર મુલુન્ડવાળા**એ લાભ લીધેલ. બપોરના ૩.૦૦ કલાકે ઘંટાકર્ણ મહાપૂજન રાખવામાં આવેલ. જેના લાભાર્થી પરિવાર **અ. સૌ. નયનાબેન મહેશ મોતા ગામ લાલાવાળા**એ લાભ લીધેલ. રાત્રે વાછરાદાદાની ભક્તિ ભાવના રાખવામાં આવેલ. વિધિવિધાન માટે કેવલભાઈ સાવલા, સંગીતકાર કિશોર સંગ્રાર પધારેલ. પહેડી પ્રસાદનો ૩૦૦ થી વધારે જણાએ લાભ લીધેલ. જીવદયા ગાયો માટે લીલા ચારાનો લાભ. **અજીત, દેવેન નવિનચંદ્ર લોડાયા સાંધવવાળા**એ લીધેલ.

# નુતન મંદિર પંજોરી પીરની પહેડી પ્રસાદ

તા. ૧૫/૪/૨૦૧૮ રવિવારના સાંધવ ગામના સિમાડામાં સાંધવ-તેરા રસ્તા ઉપર ધોળોતળાવના રસ્તા ઉપર પંજોરા પીરનું સ્થાન છે ત્યાં નુતન મંદિર બનાવવામાં આવેલ. દરગાહ ઉપર ચાદર ચડાવવામાં આવેલ. પહેડી પ્રસાદ કરાવવામાં આવેલ. નુતન મંદિરના લાભાર્થી : ૧) માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન-કોઠારા, ૨) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર-સાંધવ, ૩) માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર-સાંધવ વાળાએ લાભ લીધેલ. પહેડી પ્રસાદ સ્થાનમાં રાખવામાં આવેલ. સર્વે સાંધવ ગામ વાસીઓ વાડી-વિસ્તારથી ૫૦૦ જણની સંખ્યામાં પહેડી પ્રસાદનો લાભ લીધેલ. પહેડી પ્રસાદના લાભાર્થી **માતુશ્રી વિમલાબાઈ ઠાકરશી પટેલ** પરિવાર અને **માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી પીર** પરિવારે લાભ લીધેલ. જીવદયાનો લાભ પાંચે પરિવારે લીધેલ. ગામજનોએ દાતા પરિવારોનો આભાર માનેલ. સીમાડામાં મંદિરના બાંધકામમાં પાણી, લાઈટ પ્રતાપસિંહ સોઢા સાંધવવાળા તરફથી તેમજ દેખરેખ પણ તેમણે સંભાળેલ.

**- રાજેશ દામજી દંડ, સાંધવ**

# સાંધવ ગામે લોડાયા પરિવારના સચ્ચામાતાજીનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.

તા. ૧૦.૫.૨૦૧૮ ના સચ્ચામાતાજીની અંજનવિધિ પ.પૂ. ગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરજી મ.સા. તથા પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરજી મ.સા., પ.પૂ. આ.ભ. શ્રી કવિન્દ્રસાગરજી મ.સા., પ.પૂ. આ.ભ. શ્રી વિરભદ્રસાગરજી મ.સા. ના વરદ હસ્તે કરાવવામાં આવેલ. અઢાર અભિષેક કરાવવામાં આવેલ. તા. ૧૧.૫.૨૦૧૮ વૈશાખ વદ-૧૧ના ધામધુમથી સચ્ચાઈ માતાજીની પ્રતિષ્ઠા કરાવવામાં આવેલ. વિધિવિધાન માટે કેવલભાઈ સાવલા, વિનોદભાઈ વ્યાસ. સંગીતના સથવારે કિશોરભાઈ સંગારે રમઝટ જમાવેલ. સવારના વાજતે ગાજતે પ્રતિષ્ઠા કરાવવામાં આવેલ. ધજા ચડાવવામાં આવેલ. નિયાણીબહેનો, લોડાયા પરિવાર, ૨૫૦ જણની સંખ્યામાં હાજર રહેલ. પ્રતિમાના લાભાર્થી પરિવાર તેમજ પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા (મુલુન્ડ).

*નુતન સંગેમરમરનું માર્બલનું મંદિર મુખ્ય દાતાશ્રી :*
**અ. સૌ. પુષ્પાબેન પ્રવિણચંદ્ર માણેકજી લોડાયા પરિવાર (થાણા),**
*સહાયક દાતા :*
**માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર (મુલુન્ડ), માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ પરિવાર, ક્રીશ જીગર ભવાનજી લોડાયા (મુલુન્ડ), માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા પરિવાર, અ. સૌ. કલ્પનાબેન દિનેશ રામજી લોડાયા પરિવાર (મુલુન્ડ), અ. સૌ. પ્રિતીબેન ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા પરિવાર (અમદાવાદ).**
*સવારના નવકારશી તેમજ બપોરના પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર :*
**૧) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ (મુલુન્ડ), ૨) માતુશ્રી લક્ષ્મીબાઈ મણીલાલ લોડાયા (લોકાપુર), ૩) માતુશ્રી રતનબેન હીરાલાલ લોડાયા (ભાંડુપ), ૪) દેવણાંત ચત્રભોજ લોડાયા પરિવાર (ડોંબિવલી), ૫) માતુશ્રી મુરબાઈ ભવાનજી લોડાયા પરિવાર (ભાંડુપ).**
*માતાજીને શૃંગાર-ચુંદડીના લાભાર્થી પરિવાર :* **માતુશ્રી કલ્પનાબેન ભવાનજી લોડાયા પરિવાર.**
*૨૦૧૭-૧૮ મે મહિના સુધી એક વર્ષના ઘી-બત્તીના લાભાર્થી :* **માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (મુલુન્ડ)**

માતાજીના સ્થાનમાં નામકરણ વિધિ કરાવવામાં આવેલ. સૈય્યમ અને નેહાન કેતુલ લોડાયા (ભાંડુપ) અને ખુશ પરેશ પટેલ (ગાંધીધામ). છેડા-છુડી છોડવવામાં આવેલ, દીપક નાગરાજ લોડાયા (લોકાપુર) માતાજીનું જુનુ મંદિર ૧૯૮૩માં શ્રી ભવાનજી રાઘવજી લોડાયા પરિવાર બનાવેલ. ભૂમિદાતા શ્રી મુરજી રાઘવજી લોડાયા (દાદર). માતાજીનું ૪૦૦ ફૂટ ઉંચુ બનાવી આપેલ. માતુશ્રી મણીબાઈ માણેકજી લોડાયા પરિવાર ઈ.સ. ૧૯૮૪, માતાજીનું જીર્ણોધ્ધાર તેમજ ફ્લોરીંગ ટાઈલ્સનું સાંધવ લોડાયા પરિવાર ઈ. સ. ૨૦૦૮માં, માતાજીનું માર્બલ મંદિર (૨૦૦૮માં), શ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર. ગ્રેનાઈટ નવિન માણેકજી લોડાયા અને મંદિરની ઉપરનો શિખર શ્રી પ્રવિણચંદ્ર માણેકજી લોડાયા (૨૦૦૮માં) બનાવેલ. તે સમયે દેખરેખ વિરચંદ મેઘજી લોડાયા (પૂજારી), નવીનભાઈ લોડાયા, ઠાકરશી પટેલ સંભાળેલ. માતાજી માટે ભંડારો ૨૦૦૮માં શ્રી સોમચંદ માલશી લોડાયા પરિવારે અર્પણ કરેલ છે.

મેઘજી ઉકેળા લોડાયા પરિવારના ચાયણ માતાજી અને પુડશાદાદાની પોતાના ઘરમાંથી ઉથાપના કરી. હવે સચ્ચાઈ માતાજીના મંદિરમાં બિરાજમાન કરાવવામાં આવેલ. તેમની પણ પ્રતિષ્ઠા કરાવવામાં આવેલ. લોડાયા પરિવારના સચ્ચામાતાજીની પ્રતિષ્ઠા હર્ષ અને ઉલ્લાસથી કરાવવામાં આવેલ. ચમત્કારી પ્રતિમાજીના દર્શન કરવા સાંધવ જરૂરથી પધારજો. તા. ૨૨/૪ ના સમસ્ત લોડાયા પરિવારની પહેડી પ્રસાદ મુલુન્ડમાં રાખવામાં આવેલ ત્યારે દર્શનાથે સચ્ચાઈ માતાજીની પ્રતિમાં રાખવામાં આવેલ. એ પ્રતિમા સાંધવ ગામમાં બિરાજમાન થયેલ છે.

લી. સાંધવ ગામના લોડાયા પરિવાર વતી
**સંદીપ લોડાયા, (સાંધવ-મુલુન્ડ)**

**સાંધવ ગામના લાલછતા પીરની ૨૯મી પહેડી પ્રસાદ**

તા. ૨૨/૪/૨૦૧૮ રવિવારના સાંધવ ગામના લાલછતા પીરની ૨૯મી પહેડી પ્રસાદ ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં સવારે ૧૦.૦૦ કલાકે રાખવામાં આવેલ. સર્વે સાંધવ વાસીઓ, જૈન – જૈનેતર, આમંત્રિત મુસ્લીમ સમાજ, આમંત્રિત મહેમાનો સારી સંખ્યામાં પધારેલ. પહેડીના લાભાર્થી પરિવાર **માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર – કોઠારા** વાળાએ લાભ લીધેલ. પહેડીમાં સંગીત અને કવાલીઓની રમઝટ સાયઘા મીર એન્ડ પાર્ટી કચ્છ–માંડવી થી પધારેલ. ૨૦૧૯ની લાલછતા પીરની પહેડી પ્રસાદ **સાંધવ ગામની નિયાણી બહેનો તરફથી** રાખવામાં આવેલ છે.

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ**

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ, મુંબઈ દ્વારા સાંધવ ગામના વાછરા દાદાની પહેડી પ્રસાદ તા. ૨૨/૪/૨૦૧૮ રવિવારના બપોરના ૪.૦૦ કલાકે ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં રાખવામાં આવેલ. પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર **માતુશ્રી હેમલતાબેન નલીનકાંત પદમશી પીર ગામ સુથરી** વાળાએ લાભ લીધેલ. સંગીતની રમઝટ કિશોરદાન ગઢવી સાયઘા મીર એન્ડ પાર્ટી રમઝટ જમાવેલ. સાંધવ ગામવાસીઓ નિયાણી બહેનો, આમંત્રિત મહેમાનો, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના કાર્યકર ભાઈ–બહેનો, વાછરાદાદાના ભક્તજનો, કચ્છ થી સાંધવ, કોઠારા, નલિયા, માંડવી, ભુજ, ગાંધીધામ. અમદાવાદ થી મહેન્દ્ર ખોના, ચંદ્રેશ લોડાયા, ચંદ્રકાંત લોડાયા, હાલોલ થી દીપક લોડાયા, સુરતથી શરદ દંડ, વાપી થી મુકેશ દંડ, વસંતભાઈ પીર, લોનાવલાથી હેમંત મોતા, મોટી ખાવડીથી મનોજ લોડાયા, સાંધવ ગામના અગ્રણીઓ, મુંબઈ મહાજનના પ્રમુખશ્રી કલ્પેશ મોતા. મોટી ખાવડી મહાજનના અગ્રણીઓ તેમજ ડોંબિવલી મંડળ તેમજ કુલીનકાંત પીર, ચંદ્રકાંત પાસડ, ભરત જીવાણી, નરેન્દ્ર સિયાળ, ભાવીનભાઈ, રાયચંદ જીવાણી, નીતીન સાયલા, નિપેશ પટેલ, સમાજના અગ્રણીઓ સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

**કચ્છ સુખપર (સાહેંદાવાળી) મૈશેરી પરિવારના ચામુંડા માતાજી**

કચ્છ સુખપર (સાહેંદાવાળી) મૈશેરી પરિવારના ચામુંડા માતાજી વૈશાખ વદ–૧૧, ૨૦૧૭ માં જે જમીનમાંથી પ્રગટ થયા તેમનું પ્રતિષ્ઠા મહોત્સવ વૈશાખ વદ–૧૨ તા. ૧૨/૫/૨૦૧૮ ના ઉજવાયો. વિધિવિધાન માટે વિનોદભાઈ વ્યાસ પધારેલ. સુખપર ગામના ભાનુશાલી સમાજની તેમજ હેમંત મોતા, જીતુભાઈ ખોના તેમજ મૈશેરી પરિવારના ખીમજી પ્રેમજી મૈશેરી પરિવાર, હીરાચંદ પ્રેમજી મૈશેરી, નિયાણી બહેનો, શાંન્તિલાલ રાયશી મૈશેરી, સમીર મણીકાંત મૈશેરી, શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના ભાઈ–બહેનો હાજર રહ્યા હતા. માતાજીની અંજનવિધિ સાંધવ ગામે પ.પૂ. આચાર્ય ભગવંત ગચ્છાધિપતિ ગુણોદયસાગરજી મ.સા ના વરદ હસ્તે કરવામાં આવેલ.

**લી. કીરણ દંડ–મુલુન્ડ, વિરચંદ ખોના–ડોંબિવલી**

**શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ**

## શ્રી રાપર ગઢ નાની સિંધોડી જૈન સંઘ આયોજીત ૧૨૬મી ધ્વજા આરોહણ મહોત્સવ

ભારતભરમાં વસતા રાપરગઢવારી, નાની સિંધોડી ગામવાસી તથા નિયાણી બહેનોને
ધ્વજા મહોત્સવમાં સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.

**પ્રથમ દિવસ** : જેઠ વદ ૯ ને ગુરૂવાર તા. ૨૧/૬/૨૦૧૮ બપોરના ૧.૩૦ કલાકે પ્રભુજીનાં અઢાર અભિષેક, રાત્રે ૭.૦૦ કલાકે પ્રભુ ભક્તિ અને ૯.૦૦ કલાકે દાંડીયા રાસ

**દ્વિતિય દિવસ** : જેઠ વદ ૧૦ ને શુક્રવાર તા. ૨૨/૬/૨૦૧૮ સવારના ૯.૦૦ કલાકે સત્તરભેદી પુજા, ૧૧.૧૫ કલાકે ધ્વજા આરોહણ

**નિશ્રા** : અચલગચ્છાધિપતિ તપસમ્રાટ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નાં આજ્ઞાવર્તિ પ.પૂ. મુનિરાજ મુક્તિરત્ન મ.સા. તથા પ.પૂ. સાધ્વી ચારૂલતાશ્રીજી મ.સા. શિષ્યા પ.પૂ. સુ. સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિઠાણા પધારશે.

**વિધિકાર** : કેવલભાઈ સાવલા, **સંગીતકાર** : કિશોરભાઈ સંગાર

**સંપૂર્ણ મહોત્સવનાં લાભાર્થી પરિવાર :**

**માતુશ્રી માનબાઈ મુલજી મોતા પરિવાર હ. મા. વેજબાઈ ઠાકરશી મોતા પરિવાર**

નિમંત્રક : **શ્રી રાપરગઢ નાની સિંધોડી જૈન સંઘ**

**સંપર્ક :** *વિરચંદ લોડાયા – ૯૫૯૪૬૦૦૯૦૦ ચંદુલાલ મૈશેરી – ૯૮૩૩૧૫૧૨૫૮*

**શ્રી નાની સિંધોડી મહોત્સવ**

*તા. ૨૦.૬.૨૦૧૮ નાં સવારના શ્રી હનુમાનજીનાં ધ્વજા –હવન–આરતી*

*તા. ૨૧.૬.૨૦૧૮ નાં સવારના શ્રી રામદેવપીરનાં ધ્વજા –હવન–આરતી*

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

**સંચાલિત**

## શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા
## શાળા ફી, પુસ્તક સહાય ફંડ

ભારતભરમાં રહેતા અને ધોરણ કે.જી. થી ધોરણ ૧૦મા અભ્યાસ કરતા કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થી – વિદ્યાર્થીનીઓને શાળા ફી-પુસ્તક સહાય – ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦ મી જૂન ૨૦૧૮ છે.

અરજી ફોર્મ મેળવવાનું તથા ભરીને પાછું આપવાનું સ્થળ :

***શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ***
***શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ***

**ન્યુ લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (પ), મુંબઈ – ૪૦૦૦૮૬.**
**ફોન નં. ૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭**

Website : www.kdoedu.com (ફોર્મ અહીંયાથી ડાઉનલોડ કરી શકાશે)

**સોમવાર થી શનિવાર** સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ દરમ્યાન તેમજ
**રવિવાર** સવારે ૧૧.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી સંસ્થાની ઓફિસેથી.

**નોંધ : વાર્ષિક પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ પણ અરજી કરી શકે છે.**

**જ્ઞાનદાન શ્રેષ્ઠદાન**



# શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળા

**Trust Reg. No. E-302 (Kutch) Dated 28/09/1966 • જખૌ, કચ્છ – ૩૭૦૬૪૦.**

## દાન સહાયતા માટે વિજ્ઞપ્તિ

ઉનાળાની અસર પૂરબહારમાં છે. સીમમાં ઘાસચારા તથા પાણી ની અછત વર્તાય છે. વરસાદ ને બે મહિના છે ત્યાં સુધી કપરો સમય છે. દાતાઓની સહાયતા થી આશ્રિત ઢોરોની સમ્પૂર્ણ સારસંભાળ માવજત થાય છે.

વાર્ષિક સહાયતા યોજનાને દાતાઓનો ખૂબ અનુકૂળ પ્રતિસાદ છે. દર મહિને રૂા. ૧૦૦૦/–. દાન લેખે ૭૧ દાતાના નામ અગાઉ જાહેર કરેલ છે. ત્યારબાદ નીચેના બે દાતા ૭૨) માતુશ્રી પુરબાઈ કાનજી ધરમસી, અમદાવાદ–જખૌ ૭૩) શ્રી પદમકુમાર ધનજી નાગડા, હુબલી–નલિયા કુલ ૭૩) **દાતાનો સહયોગ મળેલ છે.** રકમ એકસાથે, હપ્તે/માસિક અનુકુળતાએ સ્વીકાર્ય છે. દાતાઓએ જીવદયામાં દાનનો લાભ લેવા વિનંતી.

**આ ઉપરાંત નીચે મુજબ દાતાઓ દ્વારા દાન મળેલ છે.**

૧) ૨૫,૦૦૦/– શ્રીમદ રાજચંદ્ર આશ્રમ સમિતિ, રાજનગર, કુકમા, ભૂજ. ૨) ૨૦,૦૦૦/– શ્રી શાન્તિનાથ દેરાસર, લોનાવાલા, ૩) ૨૦,૦૦૦/– ભા. લક્ષ્મીદાસ લીલાધર જોઈસર, જખૌ, વસઈ. ૪) ૧૦,૦૦૦/– શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર (પ), મુંબઈ. ૫) ૧૦,૦૦૦/– શ્રી શાન્તિનાથ મહારાજ જૈન દેરાસર, પારોલા. ૬) ૬,૦૦૦/– શ્રી સદગ્રહસ્થ, મુંબઈ. ૭) ૫,૦૦૦/– શ્રી સદગ્રહસ્થ, મુંબઈ. ૮) ૫,૦૦૦/– શ્રી ભૂજ ખરતરગચ્છ સમાજ, ભૂજ. ૯) ૩,૧૦૦/– ભા. હરીરામ રામજી જોઈસર, જખૌ, વાપી. ૧૦) ૧,૫૦૦/– શ્રી સદગ્રહસ્થ, મુંબઈ. ૧૧) ૧,૦૦૦/– શ્રી સદગ્રહસ્થ, મુંબઈ.

**નીચેના દાતા તરફથી મકાઈ ચારો મળ્યો છે.** મણ ૧૩૪, માતુશ્રી પુરબાઈ હેમરાજ દેઢીયા, શેરડી, મણ ૧૫૦, ગોવિંદભાઈ નારાણભાઈ પટેલ, બરૈયા, ભૂજ

**દાન ઈન્કમ ટેક્સ કલમ ૮૦ જી (I.TAX 80 G) મુજબ રાહત પાત્ર છે.** **Banking Details :**

**Name : Sri Jakhau Panjrapol Trust & Gaushala**

**Dena Bank**, Mulund (W) Branch,
M.G. Road, Mulund West, Mumbai : 400080.
A/C # SB – 00 94 100 30 652 IFSC Code: BKDN 046 00 94.

Naliya - Kutch :
**Dena Bank**, Naliya Branch, Kutch
A/c # 107110001096 IFSC - BKDN 0331071

**લિ. શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાના ટ્રસ્ટીઓ વતી**

મેનેજીંગ ટ્રસ્ટી : **મહેન્દ્ર દેવજી ખોના** (મુંબઈ – થાણા) • મો.: 93239 17075 • ઈમેલ : mdkhona@hotmail.com

**તા.ક.: ઑડિટ રિમાર્કના કારણે શ્રી અરિહંત બેંકનું એકાઉન્ટન્ટ બંધ કરેલ છે.**

## તિરપુર ખાતે મેડીકલ કેમ્પ



તા. ૨૦.૫.૨૦૧૮ ના રોજ તિરપુર ખાતે મેડીકલ કેમ્પ યોજવામાં આવેલ. જેમાં ૫૫૦ દરદીઓની તપાસ કરવામાં આવી હતી. યોજાયેલા બ્લડ ડોનેશન કેમ્પમાં ૩૫ યુનીટ બ્લડ એકત્રિત થયું હતું. સમગ્ર આયોજનમાં સતીષ એચ. નાગડાએ સક્રિય ભાગ લીધો હતો.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સાંધવ

શાસનસમ્રાટ અચલગચ્છાધિપતિ, પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજના પ્રતાપી પટ્ટધર તપ ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ, પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞા થી તેઓશ્રીના આજ્ઞાવર્તિની યોગ નિષ્ઠા પ.પૂ. સાધ્વીશ્રી પુનિતગુણાશ્રીજી મ.સા. ના શિષ્યા તપસ્વીની પ.પૂ. સાધ્વીશ્રી પાવનગુણાશ્રીજી મ.સા.નું ચાતુર્માસ સાંધવ ગામને મળતા આનંદ અને ઉલ્લાસ છવાઈ ગયો છે. પ.પૂ. પાવનગુણાશ્રીજી મ.સા. નો ચાતુર્માસ પ્રવેશ અષાઢ સુદ દસમ (૧૦) શનિવાર તા. ૨૧/૭/૨૦૧૮ ના રોજ થશે. સવારના ૭.૦૦ કલાકે પૂજ્યશ્રીનું સામૈયું રહેશે.

### સમસ્ત મહાજન

ટ્રસ્ટબોર્ડની એક સભા રવિવાર ૮ જુલાઈ ૨૦૧૮ના સવારના મળશે, તે પછી એ જ દિવસે સાંજના કચ્છ અને હાલારના મુળ ગામોના ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓ સાથે સંયુક્ત સભા યોજાશે. તા. ૪ ઑગસ્ટ ૨૦૧૮ના મુંબઈ મહાજનના પદાધિકારીઓ સાથે એક બેઠક થશે, ત્યારબાદ મુંબઈમાં જ્ઞાતિજનો સાથેની જાહેરસભા પણ યોજાશે.


### ૧૧૬ વર્ષ પ્રાચીન વરાડીયા તીર્થ

કાયમી ધોરણે ભોજનશાળા
તથા અતિથિગૃહની સુવિધા ઉપલબ્ધ છે.

| ભોજનશાળા | અતિથિગૃહ |
|---|---|
| 99259 84425 | 79908 21317 |
| 97691 11040 | 94285 67101 |


॥ શ્રી વિમલનાથાય નમઃ ॥

# માસિક તિથિ શ્રધ્ધાંજલિ







જન્મ તા. ૩-૮-૧૯૩૦ - બાયઠ

સ્વ. તા. ૧૦-૪-૨૦૧૮ - સુરત


## સ્વર્ગસ્થ માતુશ્રી ધનબાઈ ઉમરશી રામૈયા - સુથરી(વડોદરા)

**પ્રભુને પણ અવતરવું પડે છે માની ગોદમાં રમવું પડે છે, મા એ તો મા છે બધાને ત્યાં વિરમવું પડે છે.**
**હાડ હાડ માં હેત ભર્યુ જેને વેણે વેણ વરદાન, દેખ ઘરે ઘરે એજ બિરાજે ભૂતળ માં ભગવાન**

શ્રી ઉમરશી રામૈયા ધરમશી પરિવાર - સુથરી
માતુશ્રી રતનબાઈ ધનજી ધરમશી પરિવાર
શ્રી નવિનચંદ્ર ઠાકરશી ધરમશી પરિવાર
અ.સૌ. વાસંતી મણીલાલ ગોગાયા પરિવાર - વરાડીયા
અ.સૌ. પુષ્પા મહેન્દ્ર લોડાયા પરિવાર - તેરા
અ.સૌ. પ્રવિણા અશ્વિન સાંચલા પરિવાર - મંજલ

લિ. જીગર બિતીન ધરમશી

## કચ્છી કસબ - ૧૨૧



**ઊભી ચાવીઓ -**

[૧] તપખીર (snuff) (૩); [૩] ગુમાવવું (to lose) (૩); [૩] તાકાત (strength) (૨); [૫] છાંયડો (shadow) (૨); [૭] સુયાણી (mid-wife) (૩); [૯] ડાકણ (witch) (૨); [૧૦] સુવાનો રૂમ (bedroom) (૩); [૧૧] પીતળ (brass) (૩); [૧૨] પંચાત (pepping in others business) (૪); [૧૩] એકદમ પતલો (very slim) (૫); [૧૪] અનાજ ભરવાની માટીની કોઠી (an earthen jar) (૩);




રચયિતા: **જયકાંત મોતા**

ઘાટકોપર (તેરા)

૯૮૧૯૬ ૨૮૩૮૨


**આડી ચાવીઓ -**

[૧] ભગાડવું (to allow run-away) (૩); [૨] વિશ્વાસ કરવો (to believe) (૨); [૪] રફેદફે કરવું (to waste) (૪); [૬] નખરાં (tantrum) (૪); [૮] આડે રસ્તે (on wrong road) (૩); [૧૨] ઉપાડવું (to lift) (૨); [૧૩] સાંકળું (narrow) (૨); [૧૪] પત્થર (stone) (૩); [૧૫] ફરીથી (again) (૪); [૧૭] સોઈનું કાણું (hole in a needle) (૨); [૧૮] લાકડી (stick) (૨); [૧૯] ગોદળી (quilt) (૨); [૨૦] ઘોંઘાટ (noise) (૨); [૨૪] જખમ (wound) (૧); [૨૫] ઈયળ (white ant) (૩); [૨૬] ઘેટા (sheeps) (૨); [૨૭] વજનદાર (heavy) (૨); [૨૮] સ્ત્રીનું પડી જવું (fall of lady) (૩); [૨૯] કહેવત (proverb) (૩); [૩૦] નાચવું (to dance) (૨)

**(ઉકેલ અન્યત્ર)**

[૧૫] તાકાતવાન સ્ત્રી (powerful lady) (૩); [૧૬] સમાચાર (news) (૩); [૨૧] દિલાસો (condolence) (૪); [૨૨] બકબક (nonsense) (૪); [૨૩] તોફાની (naughty) (૨); [૨૬] દાણોપાણી (not in my luck) (૩); [૨૭] ઘણું બધું (to many) (૨);

## 7 SHORT STORIES SHARED BY SATYA NADELLA (CEO MICROSOFT)

**"LOOKING BACK"** : I interviewed my grandmother for part of research paper. I'm working on for my psychology class. When I asked her to define success in her owen words, she said, "Success is when you look back at your life and the memories make you smile."

**"LOVE CONQUERS PAIN" :** After I watched my dog get run over by a car, I sat the side of the road holding him and crying. And just before he died, he llicked tghe tears off my face.

**"TOGETHERNESS" :** As my father, three brothers, and two sisters stood around my mother's hospital bed, my mother utered her last coherent words before she died. She sifply said, "I feel so loved right now. We should have gotten together like this ore offen."

**"AFFECTION" :** I kissed my dad on the forehead as he passed awqy in a small hospital bed. About 5 seconds after he passed, I realized it wa the first time I had given him a kiss since I was little boy.

**"JOY" :** When I witnessed a 27 year-old cancer patient laughing hysterically at her 2-year old daughter's antica, I suddenly realized that I need to stop complaining about my life and start celebrating if again.

**"KINDNESS" :** A boy in a wheelchair saw me desperately struggling on crutches with my broken leg and offered to carry my backpack and books for me. He helped me all the way across campus to my class and as he was leaving he said, "I hopa you feel better soon."

**"SHARING" :** I was travelling in Kenya and I met a regugee from Zambabwe. He said he hadn't eaten anything in over 3 days and looked extremely skinny and unhealthy. Then my friend offered him the rest of the sandwich he was eating. The first thing the man said was, "We can share it."

***"CELEBRATE LIFE WTH GRATITUDE"***

# તુમ કો પુકારે મેરે મન કા પપીહરા

**વર્ષાનાં છાંટણાં થાય એટલે દુનિયાદારીની ઘંટીમાં પિસાયા છતાં જે સાબૂત રહી શક્યા હોય તેવાં હૃદયો ભીનાં થાય, ભીની માટીની જેમ ફોરી ઊઠે અને અમસ્તી અમસ્તી એક વ્યાકુળ ઝંખનામાં ઝૂરી રહે.**

ધરતી પર પ્રથમ વર્ષાના અમીછાંટણાં થાય એટલે 'સાવન આયે યા ન આયે, જિયા જબ ઝૂમે સાવન હૈ' એ ન્યાયે અષાઢ ન આવવા છતાં આવી જાય. ફરી એકવાર પ્રતીતિ થાય કે માનવમન પર પ્રકૃતિના ફેરફારોની કેટલી બધી અસર થાય છે ને કેવી રીતે વાદળાં ઘેરાય, ક્ષિતિજ પારથી ભીની ઠંડી હવા વહેવા માંડે, મહિનાઓથી તપેલી તરસી ધરતી પર પહેલી વર્ષાની ધારા ઝિલાય, માટીમાંથી સુગંધ ઊઠે ત્યારે 'હૈયું હાથ ન રહેવું' એ મુહાવરો આપણા અસ્તિત્વમાં સાર્થક થાય છે. મનમાં અમસ્તી અમસ્તી એક વ્યાકુળ ઝંખના જાગે કે કોઈ આવે, પ્રેમથી ભીંજવી દે - 'કાલી ઘટા છાયે મોરા જિયા તરસાયેં, ઐસે મેં કહીં કોઈ મિલ જાયે.'



પ્રકૃતિના આ રંગને, પ્રણયના આ તલસાટને આપણી ફિલ્મોએ ખૂબ ઝીલ્યો છે, દિલથી ઝીલ્યો છે. વરસાદનાં રોમેન્ટિક અને ઉદાસ ગીતોનાં ફક્ત મુખડાં લખીએ તોય એક આખું પુસ્તક ભરાઈ જાય. આજે લતા મંગેશકરે ગાયેલાં એક આવાં જ સુંદર અને હર્યાંભર્યાં ગીતની વાત કરીએ : 'ઓ સજના બરખા બહાર આઈ' ઉત્તમ વર્ષાગીતોમાં મૂકવું પડે એવું આ ગીત આમ તો સાદું છે. અઘરા કવિત્વના કે અટપટા સંગીતના આટાપાટા તેમાં નથી, છતાં તેમાં જે સહજ મધુરતા અને ભાવનું ઊંડાણ છે, વર્ષાની બુંદાબાંદીનો સ્પર્શ છે, શૈલેન્દ્રના શબ્દો અને સલીલ ચૌધરીના સંગીતનો જાદુ છે અને તેમાં એક વાતાવરણ ખડું કરી દેવાની તાકાત છે.

સલીલદાનું સંગીત એટલે ભારતીય શાસ્ત્રીય સંગીત, જંગલના, પ્રકૃતિના, લોક ચેતનાના સ્વરો અને પશ્ચિમી સૂરાવલિઓનો ખજાનો. તેઓ એક એવી શૈલી રચવા માગતા હતા કે જેમાં આ બધાની સરહદો ભૂંસાઈ જાય ને એક શાલીન, સુંદર, રહસ્યમય સ્વરસૃષ્ટિ ઊભી થાય. તેમનાં તમામ ગીતોને આ શૈલીનો સહજ સ્પર્શ મળ્યા કર્યો છે - પછી તે 'છાયા'નું 'ઈતના ન મુજસે તૂ પ્યાર બઢા' હોય કે 'અન્નદાતા'નું 'રાતોં કે સાયે ઘને' હોય, તેથી જ નૌશાદ તેમને 'કમ્પોઝર ઑફ ધ કમ્પોઝર્સ' કહેતા. ૧૯૬૦માં બનેલી 'પરખ' ફિલ્મની વાર્તા પણ તેમણે લખી હતી. બૉક્સ ઑફિસ પર મધ્યમ આવકાર પામેલી આ ફિલ્મ બિમલ રૉયનું સર્વશ્રેષ્ઠ તો નહીં, પણ એક ઉત્કૃષ્ટ ને યાદગાર સર્જન જરૂર ગણાય. ફિલ્મફેર બેસ્ટ ફિલ્મ એવૉર્ડ માટે નોમિનેટ થયેલી. આ ફિલ્મ માટે બિમલ રૉયને ફિલ્મફેર બેસ્ટ ડિરેક્ટરનો એવૉર્ડ મળ્યો હતો. અભિનેતા મોતીલાલને આ ફિલ્મના હારાધનના પાત્ર માટે બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવૉર્ડ મળેલો. આ ફિલ્મ બિમલ રૉયની હળવી બાજુ રજૂ કરવાની સાથે ભારતની ઊગતી લોકશાહી પર કટાક્ષ કરે છે.

ફિલ્મની કહાણી એવી છે કે એક નાના ગામમાં રહેતા એક પોસ્ટમાસ્ટર (નઝીર હુસૈન) ને પાંચ લાખ રૂપિયાનો એક રહસ્યમય ચેક મળે છે. એ શરત સાથે કે ગામના ભલા માટે જે સૌથી સારું કામ કરી શકે તેને આ ચેક મળે. પોસ્ટમાસ્ટરની

*ઘેઘૂર થઈ ગયો છે વર્ષાનો શામિયાણો; તોળે છે નભ ધરા પર મલ્હારનો ઘરાણો.*
*આંસુઓ, ડૂમો, ડૂસકાં, સઘળું થીજી ગયું છે; ભીતરની વેદનાનાં ક્યાં શોધવા પ્રમાણો ?*

પત્ની લીલા ચિટનીસ) બીમાર છે, સુંદર કન્યા (સાધના) પરણવા જેવડી થઈ છે, એક યુવાનને ચાહે પણ છે એટલે પૈસાની જરૂર તેમને પણ છે; બીજી તરફ એ યુવાન, ગામનો પુજારી, જમીનદાર, વેપારી, વૈદ અને બીજા ઘણા માને છે કે પોતે આ રકમના એ સાચા હકદાર છે. છેવટે લોકશાહી પદ્ધતિથી ચૂંટણી કરી આનો ઉકેલ લાવવો એવું નક્કી થાય છે.

આવા પ્લૉટની વચ્ચે એક રોમેન્ટિક ક્ષણે આ ગીત સાધના પર ફિલ્માવાયું છે. તે ત્યારે ફિલ્મોમાં નવી નવી આવી હતી. પ્રકૃતિનું, નવયૌવનનું અને નવા જાગેલા પ્રેમનું સૌંદર્ય આ ગીતમાં ખૂબ નજાકતથી ઝિલાયું છે.

મહાકવિ કાલિદાસે હજારો વર્ષો પહેલાં લખેલું 'મેઘદૂત' નામનું મહાકાવ્ય આજે પણ વર્ષા ઋતુના આગમનથી પ્રેમી હૃદયમાં જીવતું થઈ ઊઠે છે. આ કાવ્યમાં કુબેરના શાપથી પ્રિયતમાનો વિયોગ ભોગવતો યક્ષ અષાઢના પ્રથમ મેઘનાં દર્શનથી વિચલિત થઈ તેની જ સાથે દૂર વસેલી પ્રિયતમાને સંદેશો મોકલે છે. મહાકવિએ સુંદર લખ્યું છે, 'ધુમાડો, તેજ, જળ ને પવનના પુંજ જેવાં આ વાદળાં કેવી રીતે સંદેશો લઈ જશે તેવો વિચાર કર્યા વિના યક્ષ એને પોતાનો દૂત બનવાની યાચના કરે છે - ખરેખર પ્રેમી હૃદય જડ-ચેતનનો ભેદ પણ ભૂલી જાય છે! જેનું પ્રિય પાત્ર નિકટ હોય તે પણ અષાઢના આગમનથી વિચલિત બને તો જેનું પ્રિય પાત્ર દૂર હોય તેના તલસાટનું તો પૂછવું જ શું? ૧૯૪૬માં 'મેઘદૂત' નામની ફિલ્મ બનેલી. જેમાં જગમોહન 'સૂરસાગર'ના કંઠે ફૈયાઝની પંક્તિઓ ગવાઈ છે:

*'દેખ અંધેરા પિયા મિલન કો ચલેગી*
*છિપકર કોઈ ગોરી,*
*પથ મેં તુમ બિજલી ચમકાકર*
*ખોલ ન દેના ઉસકી ચોરી,*
*બિરહન કો તુમ જહાંભી પાના*
*ઉસે કભી ન સતાના,*
*ઓ વર્ષા કે પહલે બાદલ મેરા સંદેશા લે જાના'*

અને શ્યામના વિરહમાં વ્યાકુળ મીરાંની પંક્તિઓ પણ કેવી સુંદર છે :

*'શ્યામ મૈં બાદલ દેખ ડરી,*
*કાલી નીલી ઘટા ઉમડી*
*બરસો એકઘરી,*
*જિત જાઉં તિત પાની પાની*
*હુઈ સબ ભોમ હરી,*
*જાકે પિયા પરદેશ બસત હૈં*
*ભીંજે બાહર ખડી...'*

પ્રિયતમના વિયોગથી ઉત્તપ્ત બનેલાં તનમનને ઠારવા ભીંજાતી નાયિકાની આવી જ સ્થિતિ ફિલ્મ 'હીરો'ના 'લંબી જુદાઈ' ગીતમાં દર્શાવાઈ હતી.

*એક તો બલમ મેરે પાસ નહીં રે*
*દૂજે મિલન કી કોઈ આસ નહીં રે*
*ઉસ પર યે સાવન આયા*
*આગ લગાઈ.... હાય લંબી જુદાઈ*

મહાકવિ કાલિદાસ હોય, કૃષ્ણની પૂજારણ મીરાં હોય, જૂની-નવી ફિલ્મોનાં ગીતો હોય કે કોઈ પણ ભાષાનાં વર્ષા-પ્રણયનાં કાવ્યો હોય: બધાને જે વ્યક્ત કરવી છે તે વાત એક જ છે - પ્રકૃતિનું શાશ્વત સૌંદર્ય, મનુષ્યનો શાશ્વત પ્રેમ. ગમે તેટલાં પરિવર્તનો વચ્ચે પણ આ બંનેનો પ્રભાવ જિંદગીને જિંદગી બનાવી રાખે છે - પછી તે સ્ત્રી હોય કે પુરુષ. શરત એટલી જ કે વ્યક્તિ જીવંત હોવી જોઈએ, હૃદયથી યુવાન હોવી જોઈએ. દુનિયાદારીનો શિકાર બની મશીનમાં પરિવર્તિત થઈ જનારને વરસાદ કે પ્રેમ કશું અડતું નથી, નડતું નથી; પણ ઘંટીના પડોની વચ્ચેથી જે સાબૂત નીકળી શકે છે, જીવતાં રહી શકે છે તે બહાદુરો વર્ષાને માણે છે, પ્રેમને માણે છે, સંગીતને ને શબ્દોને માણે છે ને ત્યાર પછી પણ ગાલિબની જેમ કહે છે, 'કુછ ઔર ચાહિયે વુસઅત મેરે બયાં કે લિયે' - મારે પોતાને વ્યક્ત કરવા માટે હજુ વધારે વિસ્તૃત કશુંક જોઈએ છે.

***(છૂ કર મેરે મન કો - સોનલ પરીખ)***

***

*બુદ્ધિ ને લાગણીઓ, જકડાયેલો ઝુરાપો; માણસ ઉપર પડે છે ચોમેરથી દબાણો.*
*બુદ્ધિથી બાન પકડો શું કામ લાગણીને? હૈયાની સાખે સમજો વહાલા ચતુરસુજાણો!*
*- ભગવતીકુમાર શર્મા*

પ્રકાશ સમીક્ષા સમાચાર સંગમ

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના કાર્યાલયનો શુભારંભ

સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ પદને સંભાળતા નિશિથ દંડએ વ્યવહાર સુગમ અને સરળ થાય એ માટે વહેલી તકે કાર્યાલય શરૂ કરવા માટે લીધેલ નિર્ણયના અનુરૂપમાં તા.૧૯ મે સવારના ૯ કલાકે કૃષ્ણ કુંજ, વાલજી લધ્ધા રોડ ખાતે સમસ્ત મહાજનના કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયું હતું. આ કાર્યાલય દરરોજ ૧૦ થી ૭ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલું રહેશે અને આ કાર્યાલયમાં મેનેજર તરીકે મનીષ લોડાયા (મો. નં.૯૭૬૯૯૯૧૯૨૨) નિમાયા છે.



સેક્રેટરી જનરલ નિશિથભાઈ દંડએ તેમની પહેલી બોર્ડ મિટીંગ વીરજી લધા વિદ્યાર્થીગૃહ–ઘાટકોપર ખાતે સવારના ૧૧ વાગ્યે બોલાવી હતી. આ મિટીંગના અધ્યક્ષ સ્થાને પ્રવીણભાઈ લોડાયાને નિમવામાં આવ્યા હતા. આ મિટીંગમાં જ્ઞાતિજનોની ઉત્કૃષ્ટ અને ઉત્તમ સેવા થઈ શકે તે માટે વિવિધ સમિતીઓની જાહેરાત કરવામાં આવી હતી. આ સમિતીઓમાં ટ્રસ્ટબોર્ડ વતી ટ્રસ્ટીઓ લેવાયા હતા અને જરૂર પડે તો આ સમિતીનું વિસ્તરણ કરી અને જ્ઞાતિજનોને પણ આમેજ કરવા એવો નિર્ણય લેવાયો હતો.

આ મિટીંગમાં જ્ઞાતિનો ચર્તુથ સંમેલન તા.૨૩,૨૪,૨૫ ડિસેમ્બરના ૨૦૧૮ના થનાર છે, તેની નલિયા મહાજન પધારેલ ટ્રસ્ટીગણ સાથે વિગતવાર ચર્ચા–વિચારણા થઈ હતી. અંતમાં દરેકે દરેક સમિતિના ટ્રસ્ટીઓને તેમણે સોંપાયેલા કાર્યની, જે પણ પ્રોગ્રામો કરવાના છે તેની વિસ્તૃત ચર્ચા અને તારીખો આગામી મિટીંગમાં જણાવવા વિનંતી કરવામાં આવી હતી.૧) **જીનાલયોના જીર્ણોધ્ધાર સમિતિ :** (રાજેન્દ્ર ખોના, પ્રવીણ લોડાયા, લેરિન ખોના)

૨) **જ્ઞાતિજનો તથા મહાજનોના રજીસ્ટ્રેશન કરનાર સમિતિ :** (અરવિંદ લોડાયા, કલ્પેશ મોતા, પ્રવીણ લોડાયા)

૩) **સરકારી તેમજ ખાનગી સંસ્થાઓમાં શિક્ષણ સહાયક સમિતિ :** (રાજેશ છેડા, રાજેશ પોલડીયા)

૪) **વૈદ્યકીય સલાહકાર સમિતિ :** નિલેશ પોલડીયા, ભરત મુલજી મૈશેરી

૫) **મહાજનોના બંધારણનું સરળીકરણ સમિતિ :** (લક્ષ્મીચંદ પોલડીયા, રાજેશ ધરમશી)

૬) **કાયદાકીય સલાહકાર સમિતિ :** (કલ્પેશ મોતા, કીર્તિ ધરમશી)

૭) **વ્યાપાર કોર્ડિનેટર સમિતિ (B2B) :** (રાજેશ મોમાયા, બિપીન નાગડા)

૮) **યુવા શક્તિ સંગઠન સમિતિ :** (નિશિથ દંડ, ઉત્તમ ખોના, જયંત છેડા, મુલચંદ મોતા, રાજેશ ધરમશી)

૯) **વુમન એનપાવર સમિતિ :** (વીણાબેન નાગડા)

૧૦) **પ્રચાર અને પ્રસારણ સમિતિ :** (જયંત છેડા, રાજેન્દ્ર ખોના અને લક્ષ્મીચંદ પોલડીયા)

## અચલગચ્છાધિપતિશ્રીનું કોઠારામાં સામૈયું કરાયું.



તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. કોઠારા પધારતા શ્રી કોઠારા

કલા – કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ–૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

જૈન સંઘ દ્વારા વાજતે-ગાજતે ઢોલ-શરણાઈનાં સૂરો સાથે, ભવ્યાતિભવ્ય સામૈયું કરાયું હતું. કચ્છી સફેદ ટોપી અને જિનશાસનનાં દૂપટામાં શોભતા શ્રાવકોએ તથા બેડાધારી શ્રાવિકાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. પ્રેમચંદ મોમાયાએ ધાર્મિક નારાઓ બોલાવ્યા હતા. ઉપાશ્રયે પહોંચી પૂજ્યશ્રીએ સ્વમુખે માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પ.પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા. તથા મુનિરાજશ્રી પ્રિયંકરસાગરજી મ.સા. એ પ્રેરણાદાયી પ્રવચનો સાથે જિનવાણી શ્રવણ કરાવી હતી. કુ. તોરલબેને સ્વાગત ગીત તથા વક્તવ્ય રજુ કર્યું હતું. સામૈયામાં શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા.

સવારની નવકારશી શ્રીમતી ખમાબેન ઉત્તમચંદ ખોના પરિવાર તરફથી જ્યારે બપોરનું સ્વામિવાત્સલ્ય માતુશ્રી કસ્તુરબાઈ હીરાચંદ મુનવર પરિવાર દ્વારા યોજાયું હતું.

કાર્યક્રમનું સંચાલન શ્રી પ્રબોધ મુનવરે જ્યારે આભાર દર્શન દિનેશ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં ધનપતિ લોડાયા, દિનેશ મોતા, કાંતિલાલ લાલકા, ખુશાલ ખોના તથા સર્વે કાર્યકરોએ સહકાર આપ્યો હતો.

**વિવિધ ગામોમાં વાછરાદાદાના ધજા મહોત્સવો**

**વરાડીયા ગામે વાછરાદાદાની ધ્વજા મહોત્સવ** તા. ૬/૪/૨૦૧૮ ના ઉજવામાં આવેલ. પહેડી પ્રસાદ સારી સંખ્યામાં હાજર રહેલ.

**વડસર/સુખપર** ગામે તા. ૧૩/૪/૨૦૧૮ ના વાછરાદાદાની ધ્વજા મહોત્સવ ઉજવાયો. જખદાદા તેમજ રતાપીરની પહેડી પ્રસાદ કરવામાં આવેલ. મુંબઈ થી હેમંત મોતા, જીતુભાઈ ખોના, ભાનુશાલી સમાજ ગામવાસીઓ સારી સંખ્યામાં હાજર રહેલ.

**પરજાઉ** ગામે તા. ૨૫/૪/૨૦૧૮ ના વાછરાદાદાની ધ્વજા મહોત્સવ ઉજવામાં આવેલ. ગામના જૈન-જૈનેતર સારી સંખ્યામાં હાજર રહેલ. પહેડી પ્રસાદ કરાવવામાં આવેલ.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા**


શ્રી કચ્છી દશા ઓશવાલ વિમલ મહિલા મંડળ ના સભ્ય બ્હેનો દ્વારા અખાત્રીજ તા. ૧૮.૪.૨૦૧૮ ના સવારે ૯.૦૦ કલાકે વાજતે ગાજતે સ્નાત્રપૂજા ભણાવવામાં આવી હતી અને બપોરના ૩.૦૦ કલાકે શ્રી આદિનાથ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી. તા. ૫.૫.૨૦૧૮ ના રોજ ચિ. પાર્થ નીલમભાઈ લાલકા ના લગ્ન નિમિતે શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી તેમાં સંઘમાતા નિર્મળાબેન કુંવરજી લાલકા તરફથી મંડળની બ્હેનોને સાડી ભેટ આપવામાં આવી હતી.

**તેરા તીર્થે પૂ. આચાર્યશ્રીના પાવન પગલા**

પૂ. શ્રી નાં પ્રવેશે શોભામાં વિશે અભિવૃધ્ધી કરવા. નેત્રા/અંજાર, આદીપુર, ગાંધીધામ, સાંદેરા, રાપરગઢ, નલીયા, વડોદરા, ખીડકીયા, મુંબઈ વિ. સ્થળોથી મોટી સંખ્યામાં ભાવિકજનો પધાર્યા હતા.



પૂજ્યશ્રીઓ - પ.પૂ. આ.ભ. વીરભદ્રસાગરજી તથા મુનિશ્રી પ્રિયંકર સાગરજી મ.સા. તેરા તીર્થની ત્રણે સંસ્થાઓ મુલાકાત લીધેલ હતી. મહાજનવાડી નૂતનીકરણ સંકુલ તેમજ પાંજરાપોળની સુચારૂ વ્યવસ્થા જોઈ તેઓશ્રી તેરા તીર્થની ત્રણે સંસ્થાઓની સરાહના કરેલ હતી. આ પ્રસંગે ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ શ્રી રમેશભાઈ દંડ, શ્રી નરેન્દ્રભાઈ દંડ, શ્રી કુમારભાઈ દંડ, શ્રી નિરંજનભાઈ લોડાયા દિવસભર ખડેપગે હાજર રહીને શ્રી નાં દિવસભરનાં રોકાણને ઐતિહાસિક અને અવિસ્મરણીય બનાવેલ હતું. પૂ. શ્રી બીજા દિવસે વહેલી સવારે તેરા તીર્થ થી સાંધવ થઈ કોઠારા તીર્થ તરફ વિહાર કરેલ હતો.

**હાર્દિક અભિનંદન**

**ચી. વૃષભ મણિલાલ ગોસર**

(દાવણગીરી-વારાપધર)

SSC-10thની પરીક્ષામાં **89.12%**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **કિશોર રતનશી સાંયા** (PS 7348) | ૨૨૬, વિશાલ નગર, અંબે માતા મંદિર સામે, ઈશાનપુર, અમદાવાદ - ૩૮૨ ૪૪૩. મો.: વંદના ૦૮૮૬૬૫ ૧૨૫૯૨ |
| **કિરીટ પુનશી માલદે** (PS 1314) | ૨૧, શીતલ છાયા, ૭મે માળે, જે. એન. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ૦૯૦૨૨૨૪ ૬૮૪૦૨, ૦૯૩૨૩૮ ૧૩૪૪૬ |
| **શ્રીમતી ગીતા નવીનચંદ લોડાયા** (PS 455) | ૮, ચિત્રા બિલ્ડીંગ, નૂતન પ્રશાંત કો.હા.સો., એસ. એન. રોડ, તાંબે નગર ગેટ નં. ૧, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: ગીતા ૦૯૯૬૯૩ ૧૯૨૨૭, મનીષ ૯૮૩૩૯ ૦૪૨૬૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૨-૧૮ | મુલુંડ | રિયાન, હિરલ મિહિર પ્રફુલ લાલકા | વારાપધર | પુત્ર |
| ૧૫-૦૩-૧૮ | મુલુંડ | શિવાય, વેદા ઝરણ હિરાચંદ ધુલ્લા | સુથરી | પુત્ર |
| ૨૫-૦૪-૧૮ | માધાપર | મનીત, ભાવિકા લોકેશ તારાચંદ લોડાયા | સુથરી | પુત્ર |
| ૨૭-૦૪-૧૮ | ભુજ | પ્રશમ, તેજલ હર્ષદ ગોવિંદજી સોની | સાંયરા | પુત્ર |
| ૨૯-૦૪-૧૮ | અમદાવાદ | રાવ્યા, મેઘા કાર્તિક કિશોર સાંયા | સુજાપુર | પુત્રી |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦-૦૫-૧૮ | ધુલિયા | પ્રીતેશ ડુંગરશી અમરચંદ ડાઘા (ભાટે) | ગોએરસમા | ૨૫ |
| | કોપરખૈરાને | પાનેરી હરીશ કસ્તુરચંદ કુંવરજી ભેદા | વારાપધર | ૨૪ |
| ૨૦-૦૫-૧૮ | કોપરખૈરાને | પ્રતિક હરીશ કસ્તુરચંદ કુંવરજી ભેદા | વારાપધર | ૩૦ |
| | ભાંડુપ | નેહા હિરેન મેઘજી લખમશી સોની | સુથરી | ૨૭ |
| ૨૦-૦૫-૧૮ | ડોમ્બીવલી | જીમીત કમલેશ ચંદુલાલ દંડ | ફ્રાફા | ૨૬ |
| | થાણે | લીના નરેન્દ્ર ઠાકરશી મોતા | રાપર ગઢવારી | ૨૬ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૫-૧૮ | અંધેરી | ચિરાગ સોમચંદ વેલજી ધુલ્લા | રાપર ગઢવારી | ૩૩ |
| | સાંતાક્રુઝ | નિયતિ વિસનજી દેવરાજ નાગડા | ડુમરા | ૩૧ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૧૧-૧૭ | હુબલી | જય ભરત ખીમજી મોમાયા | સાંયરા | ૨૬ |
| | રાયપુર | ચાંદની કિરીટ શિવજી પોલડીયા | બાયઠ | ૨૬ |
| ૧૮-૦૪-૧૮ | પૂના | યોગેશ વીરચંદ પાશ્વીર છેડા | નલિયા | ૨૮ |
| | ખામગામ | નિકિતા ચિતરંજન જયચંદ દંડ | લાલા | ૨૬ |
| ૨૧-૦૪-૧૮ | ડોમ્બીવલી | કલ્પેશ કાંતીલાલ શિયાડ | જખૌ | ૩૪ |
| | ઘાટકોપર | અલ્પા અમૃતલાલ પાસડ | ભોજાય | ૩૪ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૦૪-૧૮ | બારશી | ભાવેશ નારાણજી ખીમજી ખોના | મોટી ખાવડી | ૩૫ |
| | ચિંચવડ/પૂના | પલ્લવી કૈલાશ શામરાવ પવાર | ચિંચવડ/પૂના | ૨૫ |
| ૧૨-૦૫-૧૮ | કલ્યાણ | જીગર દેવેન્દ્ર પ્રેમજી ગણાત્રા | મોટી અકરી | ૨૭ |
| | ડોમ્બીવલી | નેહા જયંતીલાલ હંસરાજ ડાઘા | દલતુંગી | ૨૫ |

### મરણ


| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૫-૧૮ | ડોમ્બીવલી | ઝવેરચંદ ગાંગજી ધરમશી | રંગપુર | ૫૯ |
| ૨૪-૦૫-૧૮ | ડોમ્બીવલી | પ્રફુલ ખીંયસી શિયાળ | જખૌ | ૬૩ |
| ૨૫-૦૫-૧૮ | ઘાટકોપર | અમિતા રાયચંદ શામજી ધરમશી | સુથરી | ૫૪ |

**કચ્છી કસબ - ૧૨૧ નો ઉકેલ**

આડી ચાવીઓ -
(૧) ભગાય (૨) વેસ (૪) ડાંયછાંય (૬) વેનાગડા (૮) રવાડે (૧૨) ખણ (૧૩) સોળી (૧૪) પાયણ (૧૫) બઈવાર (૧૭) નાંકો (૧૮) લઠ (૧૯) ધળકી (૨૦) ડખો (૨૪) ઘા (૨૫) ગડર (૨૬) રેઢા (૨૭) ગરો (૨૮) છણાઈ (૨૯) ચોવક (૩૦) નચ

ઊભી ચાવીઓ -
(૧) ભજર (૨) વેનાય (૩) સગ (૫) છાંય (૭) ડાયણ (૯) ડેગ (૧૦) કરઈ (૧૧) પેતર (૧૨) ખણખોધ (૧૩) સોકલકડી (૧૪) પાકોડી (૧૫) બરૂકી (૧૬) વાવડ (૨૧) ખોરખોરો (૨૨) લેગરાઈ (૨૩) છેર (૨૬) રેજક (૨૭) ગચ

In admiration and remembrance



# HIRACHAND JIVRAJ MAHESHWARI

1942 – 2008

Always a smile instead of frown

Always a hand when one is down

Always true, thoughtful and kind

Wonderful memories you've left behind!

Fond remembrance,

**Kalpana H Maheshwari**

Family & friends.

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (28-05-18)
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

અમારા કર્મનિષ્ઠ અમારા ધર્મનિષ્ઠ અમારા સત્યનિષ્ઠ

અમારા જીવન પથદર્શક

ગોવિંદજી (લક્ષ્મીચંદ) મુલજી લોડાયાના સુપુત્ર

# પરમ પૂજ્ય ખીરેન્દ્ર ગોવિંદજી લોડાયા

(ગામ - નલિયા - બારોઇ)

જન્મ તા. ૧ - ૧ -૧૯૪૯ સ્વ. તા. ૨૯ - ૪ -૨૦૧૮



ઈશ્વર ઉપર અપાર શ્રધ્ધા
પરિવાર પર પ્રેમ, કર્તવ્ય પરાયણતા નો જ જીવન આદર્શ
પ્રવૃતિમય જીવનની નેમ એવા સદ્દગુણોથી ભરેલ આપનું જીવન
અમોને સતત પ્રેરણા આપતુ રહેશે

શાશ્વત આત્માને

**સત સત વંદન**

ઉષા ખીરેન્દ્ર લોડાયા (પત્ની) • ભાવેશ - નીશા - ઉદીત (પુત્ર - પુત્રવધુ - પૌત્ર)
મીનલ - તરૂણ- પાર્શ્વ, ચૈત્ય દંડ (દિકરી - જમાઇ - દોહિત્ર) અને સમસ્ત લોડાયા - ડાઘા પરિવાર

DOT2DOT | Shankheswar Roadlines | Siésta

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,